GJJN110006902025

રજુ તારીખ :	04	12	2025
દાખલ તારીખ :	04	12	2025
ફેસલ તારીખ :	11	03	2026
સમયગાળો :	વર્ષ	માસ	દિવસ
	00	03	07

આંક : ૧૭.

મહેરબાન ભેસાણના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.ભેસાણ.

:: નમૂના–અ ::

ચૂકાદાની તારીખ	૧૧/૦૩/૨૦૨૬.
ફોજદારી કેસ નંબર	**૪૬૩/૨૦૨૫.**

:: ગુનાની વિગત ::

ગુનાની કલમ	બી.એન.એસ.ની કલમ–૧૮૯(૨), ૧૯૦, ૧૯૧(૨), ૧૯૧(૩),૧૧૫(૨), ૧૧૮(૧), ૨૯૬(બી) તથા જી.પી. એકટની કલમ–૧૩૫(૧) મુજબ.
પ્રથમ માહિતી અહેવાલ નંબર	૧૧૨૦૩૦૦૭૨૫૦૧૩૮/૨૦૨૫.
પોલીસ સ્ટેશન	ભેસાણ પોલીસ સ્ટેશન.
ફરીયાદ પક્ષ	**શ્રી સરકાર** (મુળ ફરીયાદી : જમનભાઈ સોમાભાઈ રાઠોડ)
રજુઆત	વિ.એ.પી.પી. શ્રી એમ.એચ.સિંધી.
બચાવ પક્ષ	(૧) નયનભાઈ દિનેશભાઈ વાઘેલા, ઉ.વ.૨૭, (૨) જીગ્નેશભાઈ દિનેશભાઈ વાઘેલા, ઉ.વ.૨૨, (૩) નાગજીભાઈ ભનુભાઈ વાઘેલા, ઉ.વ.૩૫, (૪) ચંદુભાઈ ચકાભાઈ વાઘેલા, ઉ.વ.૩૫, રહે.૧ થી ૪ વીશળ હડમતીયા, તા.ભેસાણ, જી.જુનાગઢ.

	(૫) પરેશભાઈ કારાભાઈ મકવાણા, ઉ.વ.૩૦, રહે.ગોલાધર, તા.જી.જુનાગઢ.
રજુઆત	વિ. વકીલ શ્રી એસ.આર.ડોડીયા.

:: નમૂના–બ ::

ગુનાની તારીખ	૧૬/૦૪/૨૦૨૫.
પ્રથમ માહિતી અહેવાલની તારીખ	૧૭/૦૪/૨૦૨૫.
આખરી અહેવાલની તારીખ	૧૩/૦૭/૨૦૨૫.
તહોમતનામાની તારીખ	૨૯/૦૧/૨૦૨૬.
પુરાવો શરૂ થયાની તારીખ	૦૬/૦૩/૨૦૨૬.
ચૂકાદા માટે રાખવાની તારીખ	––
ચૂકાદાની તારીખ	૧૧/૦૩/૨૦૨૬.
સજા હુકમની તારીખ (લાગુ પડે તો)	––

:: આરોપીની વિગત ::

ક્રમ	આરોપીનું નામ	ધરપકડની તારીખ	જામીન મુકિત તારીખ	તહોમત	શું નિર્દોષ છોડયા/ સજા કરી	કરવામાં આવેલ સજા	સુનાવણી દરમિયાન અટકાયતનો સમયગાળો ફો.કા. સંહિતાની કલમ–૪૨૮ મુજબ
૧. ૨. ૩. ૪. ૫.	નયનભાઈ દિનેશભાઈ વાઘેલા જીગ્નેશભાઈ દિનેશભાઈ વાઘેલા નાગજીભાઈ ભનુભાઈ વાઘેલા ચંદુભાઈ ચકાભાઈ વાઘેલા પરેશભાઈ કારાભાઈ મકવાણા	–	–	બી.એન.એસ. ની કલમ–૧૮૯(૨), ૧૯૦, ૧૯૧(૨), ૧૯૧(૩), ૧૧૫(૨), ૧૧૮(૧), ૨૯૬(બી) તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબ.	નિર્દોષ	––	––

:: નમૂનો ક ::

ફરિયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી
અ. ફરિયાદ પક્ષના સાક્ષી

ક્રમ.	પુરાવાનો પ્રકાર	સાહેદનું નામ	આંક
૧.	ફરીયાદી	જમનભાઈ સોમાભાઈ રાઠોડની જુબાની.	૧૦

ફરિયાદી/બચાવ/ન્યાયાલયના આંકની યાદી
અ. ફરિયાદ પક્ષ

ક્રમ.	દસ્તાવેજની વિગત	આંક
૧.	અસલ એફ.આઈ.આર.	૧૧
૨.	બનાવવાળી જગ્યાના પંચનામાની ખરી નકલ.	૧૨
૩.	મુદામાલ કબજે કર્યાના પંચનામાની ખરી નકલ.	૧૩
૪.	મેજી.સાહેબશ્રી,જુનાગઢના હથિયારબંધીના જાહેરનામાની ખરી નકલ.	૧૪
૫.	મેડીકલ સર્ટીફીકેટની ખરી નકલ.	૧૫

ડ. ભૌતિક પદાર્થ : ભેંસાણ પોલીસ સ્ટેશન – ૧૧૨૦૩૦૦૭૨૫૦૧૩૮/એમ.પી./૧, તા.૦૩/૦૫/૨૦૨૫ માં જણાવ્યા મુજબ.

અનુ. નં.	ભૌતિક પદાર્થ સંખ્યા	વર્ણન
૧.	૧	એક લાકડાના હાથાવાળી સ્ટીલના પાના વાળી છરી
૨.	૧	એક લાકડાના હાથાવાળી જુના જેવી વળી ગયેલી પાના વાળી છરી
૩.	૧	કટાઈ ગયેલ ૨ ફુટ ૮ ઈંચની લંબાઈનો પોલાણવાળો પાઈપ
૪.	૧	કટાઈ ગયેલ ૨ ફુટ ૪ ઈંચની લંબાઈનો અડધાની ગોલાઈવાળો પાઈપ

–:: ઠરાવ ::–

(૧). ફરીયાદપક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે, ફરીયાદીની દિકરી નંદનીબેને આ કામના આરોપી નં.૧ સાથે ભાગીને લગ્ન કરેલ હોય અને ફરીયાદી પોતાની દિકરી

ને મળવા માટે આરોપી નં.૧ ના ઘરે અગાઉ ગયેલ હોય જે આ કામના આરોપી ને પસંદ ન હોય જેનું મનદુ:ખ રાખી આરોપીઓએ તા.૧૬/૦૪/૨૦૨૫ ના કલાક ૨૦/૦૦ વાગ્યાના અરસામાં મેંદપરા ગામથી થોડા આગળ ફરીયાદી તેનું મો.સા. લઈને જતા હતા તેવામાં આ કામના આરોપીઓએ એક સંપ થઈ ગેરકાયદેસર મંડળી રચી, પ્રાણઘાતક હથિયારો ધારણ કરી, ફરીયાદીને જેમ ફાવે તેમ ભુંડી ગાળો આપી, આરોપી નં.૧ તથા ૪ નાએ છરી વડે ફરીયાદીને જમણા પગના સાથળના ભાગે તથા ડાબા ખભાના ભાગે મારી ઈજા કરી અને આરોપી નં.૩ તથા ૫ નાએ લોખંડના પાઈપ વડે ફરીયાદીના પગમાં માર મારી ઈજા કરી તથા આરોપી નં.૨ નાએ ફરીયાદીને શરીરે આડેધડ મુંઢમાર મારી ઈજા કરી, મહેરબાન જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રી, જુનાગઢના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી આરોપી ઓએ એકબીજાની મદદગારીથી ગુનો કરેલ હોવા બાબતની ફરીયાદીએ ફરીયાદ આપતા પોલીસે ફરીયાદીની ફરીયાદ નોંધી,આ ગુનાની તપાસ કરી,તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા અત્રેની અદાલતમાં ઉપરોકત ગુના મુજબનુ ચાર્જશીટ ફાઈલ કરેલ છે.

(૨). આ કામના આરોપીઓને ધોરણસર સમન્સની બજવણી થતાં તેઓ અદાલત રૂબરૂ હાજર થયા હતા. તેઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૦ ની જોગવાઈઓ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલ વિના મુલ્યે આપી આરોપી ઓ સામે આંક–૯ થી તહોમતનામું ફરમાવી આંક–૧૦, આંક–૧૧, આંક–૧૨, આંક–૧૩ અને આંક–૧૪ થી પ્લી નોંધવામાં આવતાં ગુનો કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે. જેથી ફરીયાદ પક્ષનો કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩). ત્યારબાદ, આ કામે ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન ફરીયાદપક્ષ તરફે ઉપરોકત નમુના 'ક' માં જણાવ્યા મુજબ મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે.

(૪). આમ, આ કામે ઉપર મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજુ થયા બાદ, આ કામે ફરીયાદ પક્ષ તરફે ફરીયાદી તથા સાહેદે આંક–૧૬ થી કલોઝીંગ પુરસીસ રજુ કરતા, આ કામે ફરીયાદ પક્ષ તરફે વિશેષ પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૫). ત્યારબાદ, આ કામે ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવા અન્વયે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ મુજબ આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવા યોગ્ય પુરાવો ન હોય આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી અને આ કામે ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીતથા આરોપીઓના વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળી.

(૬). સદરહુ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

–:: <u>મુદ્દા</u> ::–

મુદ્દા નં.૧. : શું ફરીયાદપક્ષ વાજબી શંકાથી પર રીતે પુરવાર કરે છે કે, ફરીયાદી ની દિકરી નંદનીબેને આ કામના આરોપી નં.૧ સાથે ભાગીને લગ્ન કરેલ હોય અને ફરીયાદી પોતાની દિકરીને મળવા માટે આરોપી નં.૧ ના ઘરે અગાઉ ગયેલ હોય જે આ કામના આરોપીને પસંદ ન હોય જેનું મનદુ:ખ રાખી આરોપીઓએ તા.૧૬/૪/ ૨૦૨૫ ના કલાક ૨૦/૦૦ વાગ્યાના અરસામાં મેંદપરા ગામથી થોડા આગળ ફરીયાદી તેનું મો.સા. લઈને જતા હતા તેવામાં આ કામના આરોપીઓએ એક સંપ કરી ગેરકાયદેસર મંડળી રચી, પ્રાણઘાતક હથિયારો ધારણ કરી,ફરીયાદીને જેમ ફાવે તેમ ભુંડી ગાળો આપી, આરોપી નં.૧ તથા ૪ નાઓએ છરી વડે ફરીયાદીને જમણા પગના સાથળના ભાગે તથા ડાબા ખભાના ભાગે મારી ઈજા કરી અને આરોપી નં.૩ તથા ૫ નાએ લોખંડના પાઈપ વડે ફરીયાદીના પગમાં માર મારી ઈજા કરેલ તથા આરોપી નં.૨ નાએ ફરીયાદીને શરીરે આડેધડ મુંઢમાર મારી ઈજા કરી, મહેરબાન જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રી, જુનાગઢના હથિયારબંધીના જાહેર– નામાનો ભંગ કરી આરોપીઓએ એકબીજાની મદદગારીથી બી.એન.એસ.ની કલમ–૧૮૯(૨),૧૯૦,૧૯૧(૨),૧૯૧(૩),

૧૧૫(૨), ૧૧૮(૧), ૨૯૬(બી) તથા જી.પી.એકટની કલમ– ૧૩૫(૧) મુજબનો શિક્ષા પાત્ર ગુનો કર્યો છે ?

મુદ્દા નં.૨. : આખરી શું હુકમ ?

(૭). ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧). નકારમાં.

(૨). આખરી હુકમ મુજબ.

–:: કારણો ::–

મુદ્દા નં.૧

(૮). સદર કામે આરોપીઓ વિરૂધ્ધનો ઉપરોકત ગુનો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો જોવામાં આવે તો, આ કામે ફરીયાદ પક્ષે ફરીયાદી જમનભાઈ સોમા ભાઈ રાઠોડને આંક–૧૦ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, બનાવ તા.૧૬/૪/ ૨૦૨૫ ના રોજ બનેલો. ફરીયાદી પોતાનું એકટીવા મોટર સાયકલ લઈ પરબ ધામ માનતા ઉતારી સાંજના ૮–૦૦ વાગ્યે પહોંચતા તેઓ પડી ગયેલા અને તેઓને સાથળના પાછળના ભાગે વાગેલુ. તેઓએ પોલીસ ફરીયાદ આપેલ, જે ફરીયાદ પોતાની સહી ઓળખી બતાવી આંક–૧૧ થી રજુ રાખેલ છે. આમ, સદર ફરીયાદી, ફરીયાદ હકીકતને સમર્થન કરતા ન હોય, વિ.એ.પી.પી.શ્રી ઘ્વારા હોસ્ટાઈલ જાહેર કરી આ અદાલતની પરવાનગીથી ફરીયાદીની વિગતવાર ઉલટ તપાસ કરવા છતાં તેઓની ફરીયાદ હકીકતને સમર્થન કરેલ નથી. બચાવપક્ષના વિ.વકીલશ્રી ઘ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં ફરીયાદી એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આરોપી સાથે સામાન્ય બોલાચાલી સિવાય અન્ય કોઈ બનાવ બનેલો નથી, આરોપીએ તેઓને હથિયાર વડે માર મારેલ હોય તેવુ બનેલ નથી કે લોખંડના પાઈપ વડે માર મારેલ હોય તેવુ બનેલ નથી.

(૯). આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવો વંચાણે લેવામાં આવે તો, આ કામે તપાસેલ ફરીયાદીએ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થનકારી પુરાવો રજુ કરેલ નથી, અને હોસ્ટાઈલ જાહેર થયેલ છે, જેથી ફરીયાદ પક્ષે રજુ થયેલ ફરીયાદીનો પુરાવો ધ્યાને લેતાં, બનાવ સમયે ફરીયાદી પોતાનું એકટીવા લઈ જતા હોય અને પડી જવાથી ફરીયાદીને સાથળના ભાગે વાગેલ હોવાનું જણાવેલ છે. આમ, આ હકીકતો ધ્યાને લેતાં, ફરીયાદ હકીકત મુજબ આ કામના આરોપીઓએ એક સંપ કરી ગેરકાયદેસર મંડળી રચી, પ્રાણઘાતક હથિયારો ધારણ કરી, ફરીયાદીને જેમ ફાવે તેમ ભુંડી ગાળો આપી, આરોપી નં.૧ તથા ૪ નાએ છરી વડે ફરીયાદીને જમણા પગના સાથળના ભાગે તથા ડાબા ખંભાના ભાગે મારી ઈજા કરી અને આરોપી નં.૩ તથા ૫ નાઓએ લોખંડના પાઈપ વડે ફરીયાદીના પગમાં માર મારી ઈજા કરેલ તથા આરોપી નં.૨ નાએ ફરીયાદીને શરીરે આડેધડ મુંઢમાર મારી ઈજા કરી હાલનો શિક્ષાપાત્ર ગુનો આચરેલહોવાની હકીકતો પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોય ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવા ઉપર આધાર રાખી આરોપી ઓને હાલના ગુનાના કામે તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

(૧૦). વધુમાં, સદર કામે બચાવપક્ષની સંમતિથી બનાવવાળી જગ્યાના પંચનામાની ખરી નકલ આંક–૧૨ થી, મુદ્દામાલ કબજે કર્યાના પંચનામાની ખરી નકલ આંક–૧૩ થી, મહે.જીલ્લા મેજી.સાહેબશ્રી,જુનાગઢના હથિયારબંધીના જાહેરનામાની ખરી નકલ આંક–૧૪ થી તથા મેડીકલ સર્ટીફીકેટની ખરી નકલ આંક–૧૫થી રજુ થયેલ છે, પરંતુ સદર દસ્તાવેજી પુરાવા સમર્થનકારક પુરાવા હોય, તેને ફરીયાદ પક્ષના મહત્વના પુરાવાની સાથે વંચાણે લેવા જરૂરી હોય છે. જયારે ફરીયાદપક્ષના મહત્વ ના પુરાવાથી ફરીયાદપક્ષના કેસને સમર્થન મળતું ન હોય, ત્યારે સમર્થનકારક પુરાવા ઉપર આધાર રાખી આરોપીને તેમની સામે આક્ષેપાયેલ ગુના સાથે સાંકળી શકાય નહીં.

(૧૧). વધુમાં, ફોજદારી કેસોમા આરોપી વિરૂધ્ધનો ગુનો ફરીયાદ પક્ષે પોતાનો કેસ પોતાના જ પુરાવાથી વાજબી શંકાથી પર (બીયોન્ડ રીઝનેબલ ડાઉટ) સાબિત

કરવાનો રહે છે અને ફરીયાદપક્ષ જો પોતાનો કેસ સાબિત કરવામાં સફળ ન થાય તો તેનો લાભ હંમેશા આરોપીને મળે.

(૧૨). વધુમાં, ***સતીષ મહેરા વિરૂધ્ધ દિલ્હી એડમીનીસ્ટ્રેશન, ૧૯૯૬(૩) ક્રાઈમ્સ ૮૫*** ના ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલત દવારા પ્રતિપાદીત કરેલ સિધ્ધાંત મુજબ જયારે મહત્વનાં સાહેદો ફરીયાદપક્ષનાં કેસને સમર્થન આપતા ન હોય ત્યારે બાકી ના સાહેદોને તપાસવાની ફોર્માલીટી પુરી કરવી જરૂરી નથી.સદર ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે એવું નિરીક્ષણ કરેલ છે કે :–

When judge is certain that there is no prospect of case ending in conviction valuable time of court should not be wested for holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on a future date.

(૧૩). વધુમાં, The Hon'ble Supreme Court in ***Rajaram v. State of Rajasthan (2005) 5 SCC 272*** held that,

> When the material witnesses do not support the prosecution case and there is no other reliable evidence, the accused is entitled to acquittal.

In ***Bhim Singh v. State of Haryana (2003) 10 SCC 529***, The Court held that,

> Where prosecution evidence does not establish any incriminating circumstance, continuing the trial is unnecessary and the accused deserves acquittal.

In ***Veer Singh v. State of Uttar Pradesh (2014) 2 SCC 455 : AIR 2014 SC 1146*** The Hon'ble Supreme Court observed that,

> When material witnesses turn hostile and the prosecution fails to produce independent corroboration, it becomes unsafe to maintain conviction.

આમ, ઉપરોકત ચુકાદાઓમાં ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને લેતાં, કેસમાં કેટલા સાહેદો તપાસેલ છે તે મહત્વનું હોતુ નથી, પરંતુ તે સાહેદે આપેલ પુરાવાની

ગુણવત્તા મહત્વની બની રહે છે, તેમજ જયારે પ્રોસીકયુશનના મટીરીયલ વીટનેશ પ્રોસીકયુશનને મદદકર્તા ન હોઈ અને આરોપીને ગુના સાથે સાંકળતો બીજો કોઈ વિશ્વસનીય પુરાવો ન હોઈ ત્યારે આરોપીને શંકાનો લાભ આપી છોડી મુકવા જોઈએ.

(૧૪). આમ, ઉપરોકત ચુકાદાઓમા પ્રસ્થાપિત કરેલ સિધ્ધંતો સાથે હાલના કેસમા પ્રોસીકયુશન તરફે રજુ થયેલ પુરાવો ઘ્યાને લેતાં, આ કામના આરોપીઓએ આક્ષેપિત ગુનો કરેલ હોવાની હકીકત ફરીયાદ પક્ષે કોઈ સાહેદે જણાવેલ નથી અને ઉલ્ટાનું ફરીયાદ પક્ષ તરફથી પુરાવા બંધનું પુરસીસ રજુ કરી, વધુ સાહેદ તપાસવા નથી, તેવી હકીકત જાહેર કરેલ છે. ત્યારે, ચાર્જશીટમાં જણાવેલ દરેક સાહેદોને તપાસવામાં આવે તો પણ, કાર્યવાહીના અંતિમ પરીણામમાં કોઈ ફેરફાર થતો ન હોઈ,બિન–જરૂરી રીતે સાક્ષી તપાસી, અદાલતનો કિંમતી સમય બગાડવાનું યોગ્ય જણાતું ન હોઈ, અત્રેની કાર્યવાહીમાં અદાલતે ફરીયાદપક્ષની પુરાવાબંધની પુરસીસ આધારે વિશેષ સાક્ષીઓ તપાસવાનું ટાળેલ છે.

(૧૫). આમ, નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત સાથે તેમજ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો વંચાણે લેતાં, આરોપીઓને હાલના ગુનાના કામે સાંકળી શકાય તેવો પુરાવો રજુ કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નિવડેલ હોય, તેવા સંજોગોમાં મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી, મુદ્દા નં.ર પરત્વે નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

હુકમ

(૧). આ કામના આરોપી નં.(૧). નયનભાઈ દિનેશભાઈ વાઘેલા, ઉ.વ. ૨૭, નં.(૨). જીગ્નેશભાઈ દિનેશભાઈ વાઘેલા, ઉ.વ.૨૨, નં.(૩). નાગજીભાઈ ભનુભાઈ વાઘેલા, ઉ.વ.૩૫, નં.(૪). ચંદુભાઈ ચકાભાઈ વાઘેલા, ઉ.વ.૩૫, રહે.૧થીજ વીશળ હડમતીયા,તા.ભેસાણ જી.જુનાગઢ તથા નં.(૫). પરેશભાઈ કારાભાઈ મકવાણા,ઉ.વ.૩૦

રહે.ગોલાધર, તા.જી.જુનાગઢનાઓને તેઓની સામેના બી.એન.એસ. ની કલમ–૧૮૯(૨),૧૯૦,૧૯૧(૨),૧૯૧(૩),૧૧૫(૨), ૧૧૮(૧), ૨૯૬(બી) તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબના આક્ષેપીત ગુનાના તહોમતમાંથી બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૧(૧) મુજબ પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨). સદર કામે કબજે કરેલ મુદ્દામાલ હથિયારોનો અપીલ સમય વિત્યે આથી નિયમોનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩). આ કામે દરેક આરોપીએ બી.એન.એસ.ની કલમ–૪૮૧ મુજબ રૂા.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના અપીલ સમય સુધીના જામીન રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ : ૧૧ મી, માહે : માર્ચ, સને : ૨૦૨૬ ના રોજ મારી સહી કરી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૧૧/૦૩/૨૦૨૬.
મુ.ભેસાણ.

(જીતેશ જયેશકુમાર મોદી)
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ભેસાણ.
(કોડ નંબર–જીજે ૦૧૩૯૧)